TATA SHAKTEE
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
ISC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા, સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો સુદ છઠ શુક્રવાર ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૦૨

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

# આજે દિલ્હીમાં સીજેપીની તિરંગા કૂચ

**પોલીસના** પ્રતિબંધ છતાં સીજેપીનું શક્તિપ્રદર્શન આજે સેન્ટર પાર્ક બંધ રહેશે, પોલીસે કહ્યું કે આ સ્થળે વિરોધ પ્રદર્શન કરી શકાય નહીં

**મતદાર** યાદીમાંથી 13 કરોડ નામ રદ થયા છે, એ સેટિંગ નથી તો શું છે?: દીપકે



પીટીઆઈ, નવી દિલ્હી, તા. 15 મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ ચાલી રહેલા વિરોધ પ્રદર્શન અને દિલ્હી પોલીસ સાથેના ઘર્ષણ વચ્ચે કોકરોચ જનતા પાર્ટીના સંસ્થાપક અભિજીત દીપકેએ શુક્રવારે કૉનોટ પ્લેસના સેન્ટ્રલ પાર્ક ખાતે રાષ્ટ્રધ્વજ સાથે તિરંગા કૂચમાં જોડાવા નાગરિકોને અપીલ કરી છે. બીજી તરફ એનડીએમસીએ જણાવ્યું છે કે શુક્રવારે સેન્ટ્રલ પાર્ક બંધ રહેશે, જ્યારે પોલીસે સ્પષ્ટ કર્યું છે કે કૉનોટ પ્લેસ વિરોધ પ્રદર્શન માટેનું અધિકૃત સ્થળ નથી.

એક સંયુક્ત પત્રકાર પરિષદમાં દીપકેએ તમામ રાજકીય પક્ષો અને નાગરિક સંસ્થાઓને વિચારધારાથી ઉપર ઉઠીને મતદાનના અધિકારને બચાવવા માટે એક થવા અપીલ કરી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન અંતર્ગત મતદાર યાદીમાંથી અંદાજે 13 કરોડ નામ એટલે કે કુલ મતદારોના 14 ટકા હિસ્સો રદ કરવામાં આવ્યો છે, જે 2024ની લોકસભા ચૂંટણીના માત્ર 2 ટકાના વિજય માર્જિન સામે ગંભીર ચિંતાનો વિષય છે. કોકરોચ જનતા પાર્ટીના નેતાએ 2024ની લોકસભા ચૂંટણીની પૃષ્ઠભૂમિમાં સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું છે કે તે ચૂંટણીમાં જીતનું માર્જિન માત્ર 2 ટકા હતું, જ્યારે સામે અંદાજે 13 કરોડ એટલે કે લગભગ 14 ટકા મતદારોના નામ યાદીમાંથી કમી કરી દેવામાં આવ્યા છે. નેતાએ આકરા પ્રહાર કરતા સવાલ કર્યો હતો કે જ્યાં માત્ર 2 ટકા વોટ ચૂંટણીનું પરિણામ નક્કી કરતા હોય, ત્યાં જો 13 કરોડ મત રદ કરવામાં આવે તો આ સેટિંગ સિવાય બીજું શું કહી શકાય? આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે અને વિપક્ષી પક્ષો દ્વારા આ બાબતે સતત તપાસની માંગ કરવામાં આવી રહી છે.

જંતર મંતરને વિરોધ પ્રદર્શન સ્થળ તરીકે રદ કર્યા બાદ ત્યાં વિરોધ કરવા પહોંચેલા સીજેપી નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રંકાની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને 5 દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા છે. આ ધરપકડો બાદ સીજેપીએ કૉનોટ પ્લેસ ખાતે કૂચ યોજવાની ઘોષણા કરી છે. દિલ્હી પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર કૉનોટ પ્લેસ અને આસપાસના વિસ્તારોમાં ભારે સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને કાયદો તથા વ્યવસ્થા જાળવવા માટે અતિરિક્ત અર્ધલશ્કરી દળોને તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે વિરોધ પ્રદર્શનો માત્ર રામલીલા મેદાન, બુરારી ગ્રાઉન્ડ અથવા સીબીડી ગ્રાઉન્ડ પર જ મંજૂરી સાથે થઈ શકે છે.

**કોનોટ પ્લેસ અને જંતર મંતર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત**

કોકરોચ જનતા પાર્ટીના પ્રસ્તાવિત 16 ઓક્ટોબરના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને દિલ્હીના કોનોટ પ્લેસ અને જંતર મંતર વિસ્તારમાં તેમજ તેની આસપાસ ભારે સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે તેમ પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. રાષ્ટ્રીય રાજધાનીમાં અર્ધલશ્કરી દળોની અનેક કંપનીઓ પહેલેથી જ તૈનાત છે. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા તેમજ કોઈપણ અનિચ્છનીય બનાવને અટકાવવા માટે પોલીસે વ્યૂહાત્મક સ્થળો પર જવાનોને તૈનાત કરવાની, બેરિકેડ્સ લગાવવાની અને પ્રદર્શનકારીઓ તથા મુસાફરોની અવરજવરને નિયંત્રિત કરવાની તૈયારી કરી લીધી છે.

## દિલ્હી હાઈકોર્ટે સીજેપીની આજની તિરંગા યાત્રા પર રોક લગાવવા ના પાડી

**પોલીસે** પ્રદર્શનને નિયંત્રિત કરવાની ખાતરી આપતા અદાલતે અરજી ફગાવી

પીટીઆઇ, નવી દિલ્હી, તા. 15 દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે કોકરોચ જનતા પાર્ટી અને તેના સંસ્થાપક અભિજીત દીપકેને 16 ઓક્ટોબરે કોનાટ પ્લેસના સેન્ટ્રલ પાર્ક ખાતે વિરોધ પ્રદર્શન કરવાની મંજૂરી આપતા તેના પર રોક લગાવવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો છે. જોકે અદાલતે પોલીસની તે ખાતરીને રેકોર્ડ પર લીધી છે કે પ્રદર્શનકારીઓની ગતિવિધિઓને નિયંત્રિત કરવા માટે તમામ શક્ય પગલાં લેવામાં આવશે.

એક્ટિંગ ચીફ જસ્ટિસ નીતિન વાસુદેવ સાંબ્રે અને જસ્ટિસ સંજય શર્માની પીઠ કોનાટ પ્લેસના એક વેપારીની અરજી પર સુનાવણી કરી રહી હતી. અરજદારે રજૂઆત કરી હતી કે તહેવારોના દિવસોમાં વિરોધ પ્રદર્શનના કારણે જો સેન્ટ્રલ દિલ્હીમાં બજારો બંધ રહેશે તો વેપારીઓ રસ્તા પર આવી જશે. અભિજીત દીપકેએ બુધવારે દેશભક્તોને 16 ઓક્ટોબરે રાષ્ટ્રધ્વજ સાથે સેન્ટ્રલ પાર્કમાં એકત્ર થવાની અપીલ કરી હતી, કેમ કે સીજેપી સભ્યો સૌરવ દાસ અને આશુતોષ રંકાને તિરંગો લહેરાવવાના આરોપસર તિહાર જેલમાં મોકલવામાં આવ્યા છે.

સુનાવણી દરમિયાન વધારાના સોલિસિટર જનરલ ચેતન શર્માએ જણાવ્યું હતું કે કોકરોચ જનતા પાર્ટીની ગતિવિધિઓ પર અંકુશ મેળવવા માટે પૂરતા પગલાં લેવામાં આવ્યા છે અને વેપારીઓની ચિંતાનું નિરાકરણ લાવવામાં આવશે. અદાલતે આ ખાતરીને સ્વીકારી લીધી છે. હાઇકોર્ટે જણાવ્યું હતું કે અરજદારની આશંકા છે કે પ્રદર્શનથી વેપારને નુકસાન થશે, પરંતુ સત્તાવાળાઓએ પહેલાથી જ કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પગલાં લીધા છે. કોર્ટે વેપારીઓની અરજી પર વધુ સુનાવણી 3 નવેમ્બર પર નિર્ધારિત કરી છે.




## પાકિસ્તાનમાં શાળાની છત તૂટી પડતાં ૩૪ બાળકોનાં મોત

**ઘાયલ** થયેલાં ૨૦ બાળકોમાં ત્રણની હાલત ગંભીર, એક શિક્ષકનું પણ મોત

પેશાવર, તા. ૧૫ (પીટીઆઈ) પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતની રાજધાની પેશાવરમાં ગુરુવારે એક ખાનગી શાળાની છત તૂટી પડતાં ઓછામાં ઓછા ૩૪ બાળકો અને એક શિક્ષકનાં મોત નીપજ્યાં હતાં. એમ હોસ્પિટલ સત્તાવાળાઓ અને પોલીસે જણાવ્યું હતું.

પેશાવરના કેપિટલ સિટી પોલીસ ચીફ મિયાં સઈદ જણાવ્યું હતું કે, આ દુર્ઘટના ભીડભાડવાળા વિસ્તારમાં આવેલી દીર કોલોનીમાં બની હતી.

મિયાં સઈદ જણાવ્યું કે, જ્યારે છત ધરાશાયી થઈ ત્યારે અલ-ખૈર સ્કૂલના ઉપરના માળના વર્ગખંડોમાં ૩૦ વિદ્યાર્થીઓ હાજર હતા.

સઈદ ઉમેર્યું હતું કે, શિક્ષણ ટ્રસ્ટ તરીકે સંસ્થા ચલાવનાર માલિકની ધરપકડ કરવામાં આવી છે અને ત્રણ માળની આ ઇમારતની છત નબળી રીતે બનાવવામાં આવી હતી.

પેશાવરની લેડી રીડિંગ હોસ્પિટલ (એલઆરએચ)ના પ્રવક્તા મુહમ્મદ અસિમના જણાવ્યા અનુસાર, ૩૨ બાળકો

...અનુસંધાન પાના 11 પર ➲

## દિલ્હી ડાયરી



**પરીક્ષા સુધારણા પર હાઈ-પાવર્ડ ટાસ્ક ફોર્સ**

નીટ-યુજી પેપર લીક વિવાદ બાદ ગઠિત પરીક્ષા સુધારણા અંગેની ઉચ્ચ સ્તરીય (હાઈ-પાવર્ડ) ટાસ્ક ફોર્સના વડા, ઈન્ફોસિસના સહ-સ્થાપક નંદન નિલેકણીએ પ્રસ્તાવ મૂક્યો છે કે, આનો એક ઉપાય પરીક્ષાના દિવસે જ છેલ્લી ઘડીએ પ્રશ્નપત્રોની બેંક તૈયાર કરવાનો છે.

દિલ્હીમાં એક કાર્યક્રમમાં હાજરી આપતી વખતે આ ખુલાસો કરતાં તેમણે કહ્યું, "આપણે એક ચોક્કસ પ્રશ્નપત્ર રાખવાની જરૂર શા માટે છે? કારણ કે જે ક્ષણે તમારી પાસે 'એક' ચોક્કસ પ્રશ્નપત્ર હોય છે, તે જ ક્ષણે તેને વેચવા અથવા અન્ય પ્રવૃત્તિ માટે આર્થિક પ્રોત્સાહન (લાલચ) ઊભું થાય છે. તેથી, આનો રસ્તો એ છે કે પ્રશ્નપત્રોની એક વિશાળ બેંક રાખવી અને માત્ર છેલ્લી મિનિટે જ તે દિવસ માટેનું પ્રશ્નપત્ર તૈયાર કરવું."

૨૫ જુલાઈના રોજ જે-તે સમયના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જેન ઝીના વિરોધ પ્રદર્શનો બાદ રાજીનામું આપ્યાના એક દિવસ પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આ છ સભ્યોની ઉચ્ચ સ્તરીય ટાસ્ક ફોર્સની જાહેરાત કરવામાં આવી

...અનુસંધાન પાના 11 પર ➲

**ઓનલાઈન ફ્રોડ રોકવા માટે સરકારનું મોટું પગલું**

## 1 નવેમ્બરથી 4જી અને 5જી પર કોલર્સનું નામ ફરજિયાત

**જે** નામે સિમ કાર્ડ ખરીદ્યું હશે એ નામ દેખાશે

**ઈન્ટરનેશનલ** કોલમાં નામ નહીં દેખાય

**કોલિંગ લાઇન રેસ્ટ્રિક્શન ધરાવતા નંબરોના નામ નહીં દેખાય**

- 1 નવેમ્બર 2026થી આ નિયમ સમગ્ર દેશમાં લાગુ થશે.
- ઓનલાઈન છેતરપિંડી રોકવા માટે આ ટેક્નોલોજી રજૂ કરાઈ છે.
- વિદેશથી આવતા ફોન પર ઇન્ટરનેશનલ કોલ લખાયેલો આવશે.
- કોલિંગ લાઇન રેસ્ટ્રિક્શન ધરાવતા નંબરોના નામ નહીં દેખાય.

પીટીઆઈ, નવી દિલ્હી, તા. 15 ટેલિકોમ વિભાગ દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર પરિપત્ર અનુસાર દેશમાં આગામી 1 નવેમ્બરથી તમામ 4જી અને 5જી મોબાઈલ નેટવર્ક પર કોલ કરનાર વ્યક્તિનું અસલી નામ સ્ક્રીન પર પ્રદર્શિત કરવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. યુઝરે જે આઈડી કાર્ડ કે દસ્તાવેજના આધારે સિમ કાર્ડ ખરીદ્યું હશે, તે જ સત્તાવાર નામ ડિસ્પ્લે પર દર્શાવવામાં આવશે. આ ટેક્નોલોજીને ટેકનિકલ ભાષામાં કોલિંગ નેમ પ્રેઝન્ટેશન સર્વિસ કહેવામાં આવે છે. 13 ઓક્ટોબરના રોજ જારી કરાયેલા આ પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે ટેલિકોમ ઓપરેટર્સે આ સેવા શરૂ કરવા માટે અગાઉ સફળ પરીક્ષણો પણ કરી લીધા છે. દેશના તમામ સર્વિસ વિસ્તારોમાં આ નિયમનું કડકપણે પાલન કરવાનું રહેશે.

ઓનલાઈન ફ્રોડ અને ફેક કોલ્સની વધતી જતી ઘટનાઓને રોકવા માટે આ મહત્વપૂર્ણ ટેક્નોલોજી રજૂ કરવામાં આવી છે. હાલના તબક્કે 2જી અને 3જી તેમજ લેન્ડલાઈન નેટવર્કમાં આ સેવા લાગુ કરવા અંગે બાદમાં વિચારણા કરવામાં આવશે. નવા નિયમ મુજબ કોલ રિસીવ કરનાર વ્યક્તિને તેના ફોનની કોન્ટેક્ટ લિસ્ટમાં સેવ કરેલું નામ દેખાશે અને ત્યારબાદ ટેલિકોમ ઓપરેટર દ્વારા નોંધાયેલું નામ જોવા મળશે. વિદેશથી આવતા કોલ્સ પર

...અનુસંધાન પાના 11 પર ➲

## રાહુલ ગાંધીની કૂચ મામલે સુપ્રીમ કોર્ટનો ઠપકો

**રાહુલની** અરજી પર ચૂંટણી પંચ અને સીઈસી જ્ઞાનેશ કુમારને નોટિસ

**સુપ્રીમ** કોર્ટ સુધી કૂચ કરવા બદલ કોંગ્રેસ, રાહુલ ગાંધી અને અન્ય નેતાઓને પણ નોટિસ

**આગામી** સુનાવણીમાં તેમના આચરણ વિશે પૂછીશું

પીટીઆઈ, નવી દિલ્હી, તા. 15 સર્વોચ્ચ અદાલતે ગુરુવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને 12 અન્ય વિપક્ષી નેતાઓની અરજી પર ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને નોટિસ પાઠવી જવાબ માંગ્યો છે. આ અરજી મતદાર યાદીમાંથી મોટા પાયે નામ કમી કરવા અને સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆરમાં અનિયમિતતાના આરોપો સાથે દાખલ કરવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે 12 ઓક્ટોબરે રાહુલ ગાંધી અને અન્ય નેતાઓ દ્વારા અદાલતની બહાર કાઢવામાં આવેલા વિરોધ કૂચ મામલે ગંભીર નોંધ લીધી છે.

ચીફ જસ્ટિસ સુર્ય કાંત અને જસ્ટિસ જ્યોતિમય બાગચીની પીઠે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ન્યાયતંત્ર પર કોઈ દબાણ લાવી શકતું નથી અને અમે હાથીદાંતના મહેલમાં બેઠા નથી, બધું જાણીએ છીએ. અદાલતે ચાર વકીલોની અરજી પર કોંગ્રેસ, રાહુલ ગાંધી અને અન્ય નેતાઓને પણ નોટિસ ફટકારી છે. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતા અને વકીલોએ 12 ઓક્ટોબરની કૂચ સામે વાંધો ઉઠાવ્યો હતો. રાહુલ ગાંધી વતી વરિષ્ઠ વકીલ કપિલ સિબલ અને અભિષેક સિંઘવી હાજર રહ્યા હતા.

અરજીમાં એસઆઈઆર પ્રક્રિયા પર રોક લગાવવા અને નિવૃત્ત ન્યાયાધીશના વડપણ હેઠળ સ્વતંત્ર સમિતિ દ્વારા ઓડિટ કરાવવાની માંગ કરાઈ છે. આ ઉપરાંત એઆઈએમઆઈએમ પ્રમુખ અસદુદ્દીન ઓસીની અરજી પર પણ પંચને નોટિસ જારી કરાઈ છે.

**કોઈ પણ સંજોગોમાં ન્યાયતંત્રને ઝૂકાવી શકાશે નહીં: ચીફ જસ્ટિસ**

સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધી અને અન્ય લોકો દ્વારા 12 ઓક્ટોબરે કૂચ યોજીને ન્યાયતંત્ર પર દબાણ લાવવાના પ્રયાસો કરાયા હોવાની રજૂઆતોની ગંભીર નોંધ લીધી છે. ભારતના મુખ્ય ન્યાયાધીશ સુર્યા કાંતે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે કોઈ પણ ન્યાયતંત્રને ડરાવી કે ઝૂકાવી શકતું નથી. તેમણે ઉમેર્યું હતું કે અદાલતની બહાર અને અંદર થઈ રહેલા ઘટનાક્રમો તેમજ નિવેદનોથી પીઠ સંપૂર્ણપણે વાકેફ છે.

ચીફ જસ્ટિસે કોઈનું નામ લીધા વિના જણાવ્યું હતું કે આગામી સુનાવણીની તારીખે અમે અરજદારોમાંથી એકને તેમના આચરણ વિશે પૂછીશું. આ અવલોકન એટલા માટે મહત્વપૂર્ણ છે કારણ કે તાજેતરમાં જ કોંગ્રેસના એક રાજ્ય એકમે કાયદો અને વ્યવસ્થા

...અનુસંધાન પાના 11 પર ➲

**ભારત-અમેરિકા વ્યાપારી કરારનો પ્રથમ તબક્કો આખરી ઓપ પર**

## સ્પર્ધાત્મક લાભ મળ્યા બાદ અમેરિકી વેપાર કરાર અમલી બનશે: પિયુષ ગોયલ

**અત્યારે** કાનૂની લેખન પ્રક્રિયા ચાલી રહી છે

**ભારત** અને યુરોપિયન યુનિયન વચ્ચેનો મુક્ત વેપાર કરાર ડિસેમ્બરમાં પરસ્પર હસ્તાક્ષર થશે અને આગામી વર્ષે અમલમાં આવશે

પીટીઆઈ, નવી દિલ્હી, તા. 15 કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે ગુરુવારે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય વેપાર કરારનો પ્રથમ તબક્કો આખરી કરવામાં આવ્યો છે અને હાલ તેની કાનૂની લેખન પ્રક્રિયા ચાલી રહી છે. એસઆરસીસી શતાબ્દી કોન્ક્લેવમાં બોલતા તેમણે આશા વ્યક્ત કરી હતી કે જ્યારે ભારતને તેના પ્રતિસ્પર્ધી દેશોની સરખામણીમાં સ્પર્ધાત્મક લાભ મળશે ત્યારે આ કરારને સંપૂર્ણપણે અમલી બનાવવામાં આવશે.

મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે આ બાબતમાં અગાઉ કરેલા નિવેદનો યથાવત છે અને તેમાં કોઈ નવું નથી. બીજી તરફ, વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે યુએસ વેપાર કરાર અંગેની વાટાઘાટો યોગ્ય દિશામાં આગળ વધી રહી છે અને અમે શક્ય તે વહેલી તકે આ કરારને આખરી ઓપ આપવાની નજીક છીએ. તેમણે ઉમેર્યું હતું કે યુનાઈટેડ સ્ટેટ્સમાં ટેરિફ માળખાને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે અને સેક્શન 301 અંતર્ગત આવનારા

...અનુસંધાન પાના 11 પર ➲

**મોટા મુદ્દાઓ ઉકેલાઈ ગયા, વેપાર કરાર નજીકમાં: સર્જિયો ગોર**

પીટીઆઇ, નવી દિલ્હી, તા. 15 ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરારને લઈને બંને દેશો વચ્ચેની વાટાઘાટો અત્યંત ઝડપી ગતિએ આગળ વધી રહી છે અને મોટાભાગના મહત્વપૂર્ણ મુદ્દાઓ ઉકેલાઈ ગયા છે. ભારતમાં અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે ગુરુવારે જણાવ્યું હતું કે બંને દેશો આ કરારને આખરી ઓપ આપવાની ખૂબ જ નજીક પહોંચી ગયા છે. બ્લૂમબર્ગ ન્યૂ ઇકોનોમી ફોરમમાં એક સંવાદ સત્ર દરમિયાન સર્જિયો ગોરે વિદેશ મંત્રી એસ જયશંકરના મૂલ્યાંકનને સમર્થન આપતા કહ્યું હતું કે આપણે કરાર સુધી પહોંચવાની અતિ નજીક છીએ. તેમણે જણાવ્યું હતું કે અમે આ દિશામાં સક્રિયપણે કામ કરી રહ્યા છીએ. યુરોપિયન યુનિયન સાથેનો વેપાર કરાર નક્કી કરવામાં

...અનુસંધાન પાના 11 પર ➲

**તા. ૧૫-૧૦-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન**

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૬૬૨ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૭.૮ સે. | ૨૬.0 સે. | ૪૯% |

